AC

SEAT NO.:-__________ No. of printed page:- 02

[6]

**SARDAR PATEL UNIVERSITY**

**B.A.SEM.II EXAMINATION**

**UA02SGUJ22 (SKILL ENHANCEMENT)**

**ગુજરાતી ભાષાકૌશલ – ૨**

**TIME: 09:00 A.M. TO 11:00 A.M.**

**Date:- 04/05/2022 (Wednesday)** **Marks:- 70**

પ્રશ્ન:-૧ નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આપો. (૪૦)

(૧) નિબંધ લખો. 'મારું પ્રિય પુસ્તક'

(૨) નિબંધ લખો. 'ગ્રીષ્મનો મધ્યાહ્‌ન'

(3) નીચે આપેલ કાવ્યકૃતિની રસલક્ષી ચર્ચા કરો.

<u>આપણા દુ:ખનું કેટલું જોર?</u>

ભાઈ રે, આપણા દુ:ખનું કેટલું જોર?
નાની એવી જાતક વાતનો મચવીએ નહીં શોર!
ભારનું વાહન કોણ બની રહે? નહીં અલૂણનું કામ,
આપણ તો બડભાગી, ખમીરનું આજ ગવાય રે ગાન;
સજલ મેઘની શાલપે સોહે રંગધનુષની કોર. ભાઈ રે૦
જલભરી દૃગ સાગર પેખે, હસતી કમળફૂલ,
કોકડું છે પણ રેશમનું, એનું ઝીણું વણાય દુકૂલ;
નિબિડ રાતનાં કાજળ પાછળ પ્રગટે અરુણ ભોર. ભાઈ રે૦
આપણે ના કઈ રંક, ભર્યોભર્યો માંહ્યલો કોશ અપાર;
આવવા દો જેને આવવું, આપણ મૂલવશું નિરધાર;
આભ ઝરે ભલે આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમહોર. ભાઈ રે૦

-રાજેન્દ્ર શાહ

(૪) નીચે આપેલ કાવ્યકૃતિની રસલક્ષી ચર્ચા કરો.

શોધતો હતો ફૂલને ફોરમ શોધતી હતી મને,
એકબીજાને શોધતાં ગયાં દૂર, તો આવ્યાં કને.
ક્યાંક રે આંબો ટહુક્યો એની વનમાં મ્હેંકી વાત,
કમળ જેવો ખીલતો દિવસ, પોયણા જેવી રાત.
શોધતો રહ્યો ચાંદ ને રહી ચાંદની શોધી મને,
એકબીજાને શોધતાં ગયાં દૂર, તો આવ્યાં કને.

(P.T.O.)

આંખ મીંચું ત્યાં જૂઈનું ગાલે અડતું ઝાકળફૂલ,
મનમાં હળુક લ્હેરવા લાગે, વ્યોમની કિરણ-ઝૂલ.
શોધતો જેની પગલી એનો મારગ શોધે મને,
એકબીજાને શોધતાં ગયાં દૂર, તો આવ્યાં કને.

-ચંદ્રકાંત શેઠ

**પ્રશ્ન:-૨ નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આપો.** (30)

**(૧) નીચેનામાંથી કોઈપણ પંદર શબ્દોના વિરુદ્ધાર્થી લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧.અદ્યતન | ૨.જન્નત | ૩.આકાર | ૪.પૂર્વગ | ૫.લેણદાર | ૬.મુદ્રિત |
| ૭.રાગ | ૮.નિર્ગુણ | ૯. ભૂચર | ૧૦. ખાનદાન | ૧૧.દિવ્ય | ૧૨.આર્ય |
| ૧૩.કનિષ્ટ | ૧૪.બૂરાઇ | ૧૫.કુટિલ | ૧૬.ઉત્તરાયણ | ૧૭.વામન | ૧૮.સગુણ |

**(૨) નીચેનામાંથી કોઈપણ પાંચ કહેવતોના અર્થ આપી તેને વાક્યમાં પ્રયોજો.**

૧.આગમાં તેલ રેડવું    ૨.ઈંટનો જવાબ પથ્થરથી    ૩.કીડી ઉપર કટક
૪.ગાજરની પિપૂડી    ૫.ઘા ચૂકવો    ૬.ચારે રસ્તા મોકળા
૭. દીવા પાછળ અંધારું

**(૩) નીચેનામાંથી કોઈપણ પાંચ રૂઢિપ્રયોગના અર્થ આપી તેને વાક્યમાં પ્રયોજો.**

૧. એરણે ચઢવું    ૨.ઊગતા સૂરજને પૂજવું    ૩.કોઠે પડવું
૪.દરિયો ઉલેચવો    ૫.ચાનક ચડવી    ૬.મોતી પરોવવા
૭.પડતો બોલ ઝીલવો

**(૪) નીચેનામાંથી <u>કોઈપણ પાંચ</u> વિરુદ્ધાર્થી, <u>કોઈપણ પાંચ</u> કહેવતો અને <u>કોઈપણ પાંચ</u> રૂઢિપ્રયોગોના અર્થ આપો.**

વિરુદ્ધાર્થી : ૧.અગ્રજ ૨.ખડતલ ૩.ઉષા ૪.આર્ય ૫.ભરતી ૬.જાહેર ૭.વિજોગ

કહેવતો : ૧.આપ ભલા તો જગ ભલા ૨.ગાગરમાં સાગર ૩.ઘરમાં ઘોડા ફેરવવા ૪.ચડે તે પડે ૫.ખીલાને જોરે ભેંસ કૂદે ૬.હૈયે તેવું હોઠે ૭.સાચને નહિ આંચ

રૂઢિપ્રયોગો : ૧.ચોટલી પકડવી ૨.ડાબે હાથે મૂકવું ૩.પાંખો આવવી ૪.ભોગ આપવો ૫.બત્રીસ કોઠે દીવા થવા ૬.નમતો દિવસ ૭.લીલું પીળું થઇ જવું

x